# || ૐ શ્રી સાઈરામ ||

## ||ૐ શ્રી સાઈ ભક્તવત્સલાય નમઃ || (૨૨)

## ભક્ત ઉપર પ્રેમ કરવાવાળા દયાળુ એવા

## શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ભક્ત જ્યારે સ્વામીને આર્ત સ્વરે મનઃપૂર્વક બોલાવે છે, ત્યારે સ્વામી સ્વશરીરે કયાંય હોય, તે છતાં ભક્તોના સહાયાર્થે તરત જ દોડી આવે છે. એક માતા જેમ તેના બાળકો પર વાત્સલ્યનો વર્ષાવ કરે છે, તેનાથી અધિક વર્ષાવ સાઈમાતા પોતાના ભક્તો પર કરે છે. તેનો સાંસારિક તેમજ અધ્યાત્મિક અધઃપતનથી બચાવ કરે છે અને ઉદ્ધાર કરે છે.

એવી અનેક ઘટનાઓ ભક્તોને યાદ હશે કે જેમાંથી ભગવાન શ્રી સત્યસાઈબાબાના વાત્સલ્યનો અનુભવ તેમણે લીધો હશે.

સ્વામીના યુવાન વયની આ એક કથા. તે વખતે સ્વામી મદ્રાસમાં હતા. એક દિવસ તે ભક્તોને સંબોધીને બોલ્યા – " થોડા વખતમાં જ મને એક ભક્તને દર્શન દેવા (આપવા) માટે જવું પડશે. તેણે મારા પૂર્વ જન્મના દેહની ઘણી સેવા કરી છે."

થોડા વખત પછીએક દિવસ સ્વામીએ પોતાનો દેહ જમીન પર મૂક્યો અને તેમનું શરીર કાષ્ટવત થઈ ગયું. તેમની પાસે હાજર રહેલા ભક્ત ચિંતિત થઈ ગયા. એટલામાં જ તેમના ડાબા પગમાંથી વિભૂતિનો સ્રાવ થવા લાગ્યો. સ્વામીના મુખમાંથી મરાઠી અને હિંદી શબ્દ સંભળાવા લાગ્યા પરંતુ આ અવાજ સ્વામીના હંમેશના અવાજ કરતા અલગ હતો અને વૃદ્ધ વ્યક્તિ જેવો હતો. થોડીવારમાં જ સ્વામીનું શરીર પૂર્વવત્થવા લાગ્યું અને તેઓ ઊઠીને બેઠા થઈ ગયા. પૂર્વવત થયા પછી સ્વામી ભક્તોને બોલ્યા -"અબ્દુલને દર્શન આપવા માટે શિરડી જઈ આવ્યો." કેટલાંક ભક્તોએ શિરડી પૂછપરછ કરતા ખબર મળી કે તે જ વખતે અબ્દુલબાબાનું નિધન થયું હતું.

કોણ હતા આ અબ્દુલ બાબા? આ અબ્દુલબાબા મૂળ નાદેડના રહેવાસી. ઈ.સ .૧૯૦૮ માં સાઈનાથના દર્શન કરવા માટે તે શિરડી આવ્યા હતા અને હંમેશ માટે ત્યાંના જ થઈ ગયા. સાઈનાથે સમાધિ લીધી ત્યાં સુધી તે ચાવડીમાં રહેતા હતા. આખો દિવસ જે કામ મળતું, તે

સાઈનાથની સેવા સમજીને કરવાનું તેમણે સ્વીકાર્યું હતું. મશિદમાઈ (દ્વારકામાઈ) વાળીને સાફ કરવી, સાંજે દીવાબત્તી કરવી, આ કામ તે આનંદથી મનથી કરતા. આ અતિરિક્ત (આના સિવાય) તેમણે એક મહત્ત્વનું કામ કર્યું, તે એ કે દ્વારકામાઈમાં હોય તે સમયે શ્રી સાઈનાથ ભક્તોને જે કાંઈ ઉપદેશ કરતા અથવા જે સંભાષણ કરતા, તે તેમને સમજાય કે ન સમજાય પણ તેમની પાસેની નોટબુકમાં તેની નોંધ તે કરી લેતા. સાઈનાથની સમાધિ પછી છેલ્લે સુધી તેઓ દ્વારકામાઈમાં જ રહ્યા. દિવસરાત કુરાનનું પઠન કરવામાં તેમનો સમય વ્યતીત થતો હતો.

એવા આ અબ્દુલબાબાનો અંતિમ સમય પાસે આવ્યો છે, તે જાણીને પોતાના પૂર્વદહની સેવા કરવાવાળા સેવકને દર્શન આપીને કૃતાર્થ કરવા માટે 'ભક્તવત્સલ' શ્રી સાઈનાથ મહારાજ મદ્રાસથી શિરડી ગયા અને એક સદ્ભક્તને પોતાનામાં વિલીન કરી લીધો.

||શ્રી સત્યસાઈનાથાપણમસ્તુ||